કચેરીનો ફોન નંબર : ૦૨૭૫૨ ૨૮૨૯૫૩

ક્રમાંક:જી.યુ.વિ.અ./યુ.ઉ.૨૦૨૩/૩૧૧-૬૧૦
જીલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી,
જીલ્લા રમત ગમત કચેરી, સુરેન્દ્રનગર
એ-૫, બહુમાળી ભવન,
ખેરાળી રોડ, પોસ્ટ રતનપર,
જીલ્લો : સુરેન્દ્રનગર –૩૬૩૦૦૧
તારીખ :૨૦-૦૭-૨૦૨૩

પ્રતિશ્રી,

૧. માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓ તમામ, જી. સુરેન્દ્રનગર
૨. ઉત્તર બુનિયાદી શાળાઓ તમામ, જી. સુરેન્દ્રનગર
૩. તાલુકા યુવા ઉત્સવ કન્વીનરશ્રી, તમામ જી. સુરેન્દ્રનગર
૪. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/બી.આર.સી.શ્રી તમામ જી. સુરેન્દ્રનગર
૫. આદર્શનિવાસી શાળા, આશ્રમશાળા તમામ જી. સુરેન્દ્રનગર
૬. આચાર્યશ્રી/ડીન સાહેબશ્રી, તમામ કોલેજ, જી. સુરેન્દ્રનગર

વિષય- યુવા ઉત્સવ-૨૦૨૩ની તાલુકા અને જીલ્લાકક્ષાની સ્પર્ધાના આયોજન બાબત

શ્રીમાન,

જય ભારત સહ જણાવવાનું કે, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા જીલ્લા રમત ગમત કચેરી, સુરેન્દ્રનગર દ્વારા પ્રતિ વર્ષ યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે યુવા ઉત્સવનું તાલુકા/જિલ્લા/ઝોન/પ્રદેશ/રાજ્ય તથા અંતે રાષ્ટ્રીયકક્ષાનું આયોજન થનાર છે.

યુવા ઉત્સવની તમામ ૩૩ સ્પર્ધાઓનું આયોજન તાલુકાકક્ષાએથી કરવામાં આવશે. જ્યારે તાલુકાકક્ષાના પ્રથમ વિજેતા જીલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. તાલુકાકક્ષાની સ્પર્ધાઓ જુલાઈ ૨૦૨૩ ના અંત સુધીમાં યોજવામાં આવશે જ્યારે જિલ્લાકક્ષાની સ્પર્ધાઓ ઓગષ્ટ ના ત્રીજા સપ્તાહ મા કરવામાં આવશે. જે અન્વયે ભાગ લેવા ઇચ્છુક કલાકારો/સ્પર્ધકે નિયત નમૂનાનું ફોર્મ સમયમર્યાદા માં પોતાના તાલુકાનાં કન્વીનરને જમા કરાવવાના રહેશે. સમયમર્યાદા બાદ મળેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

➢ યુવા ઉત્સવની સ્પર્ધા સાહિત્ય, કલા તથા સંસ્કૃતિ એમ ત્રણ વિભાગ તથા અ, બ તથા ખુલ્લા એમ ત્રણ વયગૃપ માં થશે.
  - "અ" વિભાગ ૧૫ થી ૨૦ વર્ષ
  - "બ" વિભાગ ૨૧ થી ૨૯ વર્ષ
  - "ખુલ્લો" વિભાગ ૧૫ થી ૨૯ વર્ષ

**નીચે જણાવ્યા મુજબની ૩૩ સ્પર્ધાઓનું ત્રણ વિભાગમાં આયોજન કરવામાં આવશે.**

| સાહિત્ય વિભાગ | | કલા વિભાગ |
|---|---|---|
| વકતૃત્વ સ્પર્ધા | કાવ્ય લેખન | ચિત્રકલા |
| નિબંધ સ્પર્ધા | દોહા-છંદ-ચોપાઈ | સર્જનાત્મક કારીગરી |
| પાદપૂર્તિ | લોકવાર્તા | |
| ગઝલ શાયરી | શીઘ્ર વકતૃત્વ (હિન્દી/અંગ્રેજી) | |

| સાંસ્કૃતિક વિભાગ | | |
|---|---|---|
| લોકગીત | તબલા | શાસ્ત્રીય નૃત્ય ભરતનાટ્યમ |
| સમૂહગીત | વીણા | શાસ્ત્રીય નૃત્ય કથ્થક |
| શાસ્ત્રીય કંઠ્ય સંગીત | મૃદંગમ | શાસ્ત્રીય નૃત્ય મણિપુરી |
| કર્ણાટકી સંગીત | હાર્મોનિયમ હળવું | શાસ્ત્રીય નૃત્ય કુચિપુડી |
| ગિટાર | ભજન | શાસ્ત્રીય નૃત્ય ઓડીસી |
| સિતાર | એકપાત્રીય અભિનય | લગ્નગીત |
| લોકવાદ્ય સંગીત | એકાંકી (હિન્દી/અંગ્રેજી) | હળવું કંઠ્ય સંગીત |
| વાંસળી | લોકનૃત્ય | - |

1. યુવા ઉત્સવની સ્પર્ધાઓનું આયોજન પ્રથમ તાલુકાકક્ષાએ ત્યારબાદ જીલ્લાકક્ષા એ થશે.
2. નિયત નમૂનાના ભરેલ ફોર્મ સાથે આધાર કાર્ડની નકલ જોડી તાલુકા કન્વીનરને સમય મર્યાદામાં મોકલી આપવાના રહેશે.
3. સ્પર્ધાઓ "અ", "બ" અને ખુલ્લો એમ ત્રણ વિભાગમાં યોજાશે.
4. સ્પર્ધક જે પણ વયગ્રુપ માં ભાગ લે તેણે આગળ દરેક કક્ષાએ તે જ વિભાગમાં ભાગ લેવાનો રહેશે.
5. દરેક સ્પર્ધકે પોતાની જન્મ તારીખ પ્રવેશપત્ર માં ફરજિયાત દર્શાવવાની રહેશે.
6. દરેક સ્પર્ધક કોઈપણ એક જ તાલુકા માંથી ભાગ લઈ શકશે.
7. તાલુકાકક્ષાએ ભાગ લેવા માંગતા સ્પર્ધકોએ પોતાના પ્રવેશપત્રો યુવા ઉત્સવના તાલુકા કન્વીનરને સમય મર્યાદામાં પહોંચાડવાના રહેશે.
8. તાલુકા કન્વીનરશ્રી એ તાલુકાકક્ષાની સ્પર્ધાના સ્થળ અને તારીખ આ કચેરીની સહમતી સાથે નક્કી કરી તમામ સ્પર્ધકો/શાળા/સંસ્થા તથા કોલેજો ને જાણ કરવાની રહેશે.
9. તાલુકા કન્વીનરશ્રી એ નિયત સમય મર્યાદામાં તાલુકાકક્ષાની સ્પર્ધા પૂર્ણ કરી વિજેતાઓની માહિતી તથા તેમના પ્રવેશપત્રો અત્રેની કચેરીએ તેમના તાલુકાની સ્પર્ધાપુર્ણ થયાના ત્રણ દિવસમાં જમા કરાવી દેવાના રહેશે.
10. સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ તથા સ્પર્ધાના નિયમો આ સાથે પાછળ આપેલ છે.
11. જો કોઈપણ સ્પર્ધક/શાળા/સંસ્થા અધૂરી વિગત વાળા ફોર્મ જમા કરાવશે અથવા સ્પર્ધાના નિયમો પરિપુર્ણ નહીં કરતાં હોય, સમય મર્યાદા બાદ આવેલ હોય તેવી તમામ એન્ટ્રીને ડિસ્કવોલિફાય કરવામાં આવશે. જેની તમામે ખાસ નોંધ લેવી.
12. નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. જેને કોર્ટમાં પડકારી શકાશે નહીં તેમજ ગુણપત્રકની કોપી આર.ટી.આઈ. મારફત પણ માંગી શકાશે નહીં જેની ખાસ નોંધ લેવી.
13. તાલુકાકક્ષાનો યુવા ઉત્સવ અંદાજિત જુલાઇ ૨૦૨૩ ના અંતમાં તથા જીલ્લાકક્ષાનો યુવા ઉત્સવ અંદાજીત ઓગષ્ટ ૨૦૨૩ ના ત્રીજા સપ્તાહ મા કરવામાં આવશે.
14. સમય સંજોગ મુજબ સ્પર્ધાના સ્થળ/તારીખ/સમય માં ફેરફાર થઈ શકે છે. જેની જાણ વહેલી તકે કરી દેવામાં આવશે.

**તાલુકા કન્વીનરશ્રી તરીકે નીચે જણાવેલ સંસ્થાના શિક્ષકશ્રીઓની નિયુક્તી કરવામાં આવે છે, તાલુકાની સ્પર્ધામાટે તેઓનો સંપર્ક કરવો.**

| ક્રમ | તાલુકાનું નામ | શાળા/ સંસ્થાનું નામ | કન્વીનરશ્રી નું નામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | જે. એન. વી. હાઈસ્કુલ, સુરેન્દ્રનગર | શ્રી ડી. ડી. ચુડાસમા | ૯૯૯૮૧ ૭૩૮૨૯ |
| ૨ | લીંબડી | સર જે. હાઈસ્કુલ, લીંબડી | શ્રી મનુભાઈ જોગરાણા | ૯૭૨૩૭ ૪૧૩૦૩ |
| ૩ | ધ્રાંગધ્રા | શ્રેયસ સ્કુલ, ધ્રાંગધ્રા | શ્રી રજનીશભાઈ ઉપાધ્યાય | ૯૯૭૮૨ ૮૯૯૭૯ |
| ૪ | થાનગઢ | મ્યુનિસીપલ હાઈસ્કુલ, થાનગઢ | શ્રી જયપ્રકાશભાઈ સોલંકી | ૯૯૨૫૪ ૯૦૦૬૩ |
| ૫ | ચોટીલા | મોડલ સ્કુલ સણોસરા, ચોટીલા | શ્રી મનોજભાઈ ચૌહાણ | ૯૮૨૪૧ ૨૯૯૦૭ |
| ૬ | લખતર | સહયોગ વિદ્યાલય, લખતર | શ્રી જયાબેન પટેલ | ૯૮૭૯૬ ૯૬૪૬૮ |
| ૭ | મુળી | માધ્યમિક શાળા, સરા, મુળી | શ્રી કમલેશભાઈ કુણપરા | ૯૪૨૮૯ ૧૫૭૮૭ |
| ૮ | ચુડા | પે. સેન્ટર શાળા નં.૨, ચુડા | શ્રી જયદેવસિંહ પરમાર | ૯૯૨૪૮ ૩૧૯૦૧ |
| ૯ | સાયલા | એલ. એમ. વોરા ગર્લ્સ હાઈસ્કુલ, સાયલા | શ્રી સી. કે. વ્યાસ | ૯૮૨૫૭ ૫૫૩૦૭ |
| ૧૦ | પાટડી | માધ્યમિક શાળા, જરવલા, પાટડી | શ્રી ભરતસિંહ સોલંકી | ૮૩૨૦૭ ૪૭૧૮૮ |

સભ્ય સચિવ
જીલ્લા યુવા ઉત્સવ સમિતિ અને
જીલ્લા યુવા વિકાસ અધિકારી
સુરેન્દ્રનગર

ઉપાધ્યક્ષ
જીલ્લા યુવા ઉત્સવ સમિતિ અને
જીલ્લા શિક્ષણાધિકારી
સુરેન્દ્રનગર

અધ્યક્ષ
જીલ્લા યુવા ઉત્સવ સમિતિ અને
કલેક્ટર
સુરેન્દ્રનગર

# યુવા ઉત્સવ ૨૦૨૩

## સ્પર્ધાના નિયમો

- નીચે જણાવેલ વયજૂથ પ્રમાણે સ્પર્ધકે સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.(ઉંમર વય મર્યાદા ૩૧/૧૨/૨૦૨૩ ગણવી)

| ક્રમ | વિભાગ | વયજૂથ | જન્મ તારીખથી જન્મેલ |
|---|---|---|---|
| ૦૧ | અ | ૧૫ વર્ષથી ઉપર અને ૨૦ વર્ષ સુધીના | ૩૧/૧૨/2003 થી ૩૧/૧૨/૨૦૦૮ (વચ્ચે જન્મેલા) |
| ૦૨ | બ | ૨૦ વર્ષથી ઉપર અને ૨૯ વર્ષ સુધીના | ૩૧/૧૨/૧૯૯૪ થી 30/૧૨/2003 (વચ્ચે જન્મેલા) |
| 03 | ખુલ્લો | ૧૫ વર્ષથી ઉપર અને ૨૯ વર્ષ સુધીના | ૩૧/૧૨/૧૯૯૪ થી ૩૧/૧૨/૨૦૦૮ (વચ્ચે જન્મેલા) |

- તાલુકાકક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓ

| વિભાગ | ક્રમ | કૃતિનું નામ | વિભાગ | સમય | સ્પર્ધક | સહાયક | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| સાહિત્ય વિભાગ | ૧ | વકતૃત્વ સ્પર્ધા | અ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | | | બ | ૦૭ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨ | નિબંધ સ્પર્ધા | અ | ૪૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | | | બ | ૪૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૩ | પાદપૂર્તિ | બ | ૪૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૪ | ગઝલ શાયરી લેખન | બ | ૬૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૫ | કાવ્ય લેખન | બ | ૬૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૬ | દુહા-છંદ-ચોપાઈ | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૭ | લોક વાર્તા | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૮ | શીઘ્ર વકતૃત્વ (હિન્દી / અંગ્રેજી) | ખુલ્લો | ૦૪ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| કલા વિભાગ | ૯ | સર્જનાત્મક કારીગરી | ખુલ્લો | ૧૮૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૧૦ | ચિત્રકલા | અ | ૧૨૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | | | બ | ૧૨૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| સાંસ્કૃતિક વિભાગ | ૧૧ | લગ્નગીત | બ | ૦૭ મિનિટ | ૦૧ | ૦૪ | ૦૫ |
| | ૧૨ | હળવું કંઠ્ય સંગીત | અ | ૦૫ મિનિટ | ૦૧ | 03 | ૦૪ |
| | | | બ | ૦૫ મિનિટ | ૦૧ | 03 | ૦૪ |
| | ૧૩ | લોકવાદ્ય સંગીત | અ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | | | બ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૧૪ | ભજન | ખુલ્લો | ૦૭ મિનિટ | ૦૧ | 03 | ૦૪ |
| | ૧૫ | સમૂહ ગીત | ખુલ્લો | ૦૭ મિનિટ | ૦૮ | ૦૫ | ૧૩ |
| | ૧૬ | એક પાત્રીય અભિનય | અ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | | | બ | ૦૭ મિનિટ | ૦૧ | -- | ૦૧ |

| વિભાગ | ક્રમ | કૃતિનું નામ | વિભાગ | સમય | સ્પર્ધક | સહાયક | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| સાંસ્કૃતિક વિભાગ | ૧૭ | લોક નૃત્ય | ખુલ્લો | ૧૫ મિનિટ | ૧૬ | ૦૪ | ૨૦ |
| | ૧૮ | લોક ગીત | ખુલ્લો | ૦૭ મિનિટ | ૦૧ | ૦૭ | ૦૮ |
| | ૧૯ | શાસ્ત્રીય કંઠ્ય સંગીત - હિન્દુસ્તાની | અ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | | | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨૦ | શાસ્ત્રીય કંઠ્ય સંગીત – કર્ણાટકી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨૧ | સીતાર | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨૨ | વાંસળી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨૩ | તબલા | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨૪ | વીણા | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨૫ | મૃદંગમ | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨૬ | હાર્મોનિયમ (હળવું) | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨૭ | ગિટાર | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨૮ | શાસ્ત્રીય નૃત્ય – ભરતનાટ્યમ | અ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | | | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૨૯ | શાસ્ત્રીય નૃત્ય – કથ્થક | અ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | | | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૩૦ | શાસ્ત્રીય નૃત્ય – મણીપુરી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૩૧ | શાસ્ત્રીય નૃત્ય – ઓડીસી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૩૨ | શાસ્ત્રીય નૃત્ય – કુચીપુડી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ |
| | ૩૩ | એકાંકી (હિન્દી / અંગ્રેજી) | ખુલ્લો | ૩૦ થી ૪૫ મિનિટ | ૧૨ | -- | ૧૨ |

## -:- સાહિત્ય વિભાગ -:-

### (૧) વકતૃત્વ સ્પર્ધા:

1. આ સ્પર્ધા "અ" અને "બ" બંને વિભાગ માટે રહેશે.
2. આ સ્પર્ધાનો સમય "અ" વિભાગમાં ૦૫ મિનિટનો જ્યારે "બ" વિભાગમાં ૦૭ મિનિટનો રહેશે.
3. સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
4. દરેક વિભાગ માટે સ્પર્ધાનો વિષય નક્કી કરી ૨૪ કલાક પહેલા જાહેર કરવાનો રહેશે
5. રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા.
6. સ્પર્ધામાં ભાગ લેનાર વ્યક્તિ કોઈપણ વિષયમાં ભાગ લઈ શકશે, પરંતુ તેની જાણ સ્પર્ધામાં ચાર કલાક પહેલા વ્યવસ્થાપકને કરવાની રહેશે.

### (૨) નિબંધ સ્પર્ધા:

1. આ સ્પર્ધા "અ" અને "બ" બંને વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૪૦ મિનિટનો રહેશે.
3. સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ગમે તે એક ભાષામાં રહેશે.
4. નિંબધનો વિષય સ્પર્ધાના સમયે જાહેર કરવામાં આવશે.
5. રાષ્ટ્રીય એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા.
6. નિબંધમાં વસ્તુની ચર્ચા ઉપરાંત ભાષા, તેની શુધ્ધતા, વિચારો, લખાણની શૈલી અને હસ્તાક્ષર વગેરે બાબતો તેના મૂલ્યાંકન વખતે ધ્યાનમાં રાખવી.

### (3) પાદપૂર્તિ:

1. આ સ્પર્ધા "બ" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૪૦ મિનિટનો રહેશે.
3. પાદપૂર્તિ માટે ત્રણથી ચાર જુદી જુદી પંક્તિઓ આપવામાં આવશે. જેમાંથી સ્પર્ધકે કોઈપણ એક પંક્તિ પાદપૂર્તિ કરવાની રહેશે.
4. પાદપૂર્તિ માટે આપેલી પંક્તિમાં બે કે ત્રણ કે તેથી વધુ પંક્તિઓ ઉમેરી શકાશે.

(૪) ગઝલ-શાયરી લેખન:

1. આ સ્પર્ધા "બ" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
3. ગઝલ-શાયરી ગુજરાતી અથવા હિન્દી ભાષામાં લખી શકાશે.
4. ગઝલ-શાયરી લેખન માટે ત્રણથી ચાર જુદા વિષયો આપવામાં આવશે, જેમાંથી સ્પર્ધકે કોઈપણ એક વિષય ઉપર પોતાની રચના કરવાની રહેશે.

(૫) કાવ્ય લેખન:

1. આ સ્પર્ધા "બ" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
3. કાવ્ય લેખન ગુજરાતી અથવા હિન્દી ભાષામાં લખી શકાશે.
5. ત્રણથી ચાર વિષયો આપવામાં આવશે. જેમાંથી સ્પર્ધકે કોઈપણ એક વિષય ઉપર પોતાની રચના કરવાની રહેશે.

(૬) દુહા-છંદ-ચોપાઈ:

1. આ સ્પર્ધા "બ" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. સ્પર્ધામાં કંઠ્ય કરેલા ઓછામાં ઓછા આઠથી દસ દુહા-છંદ-ચોપાઈની રજુઆત કરવાની રહેશે. છંદો જેવા કે માત્રા મેળ અને અક્ષર મેળ અને ચારણી ગીતો છંદો જેવા કે સપાખરા, સાવજડું, તિકુરબંધ, શાણોર ઈત્યાદીની રજુઆત કરી શકાશે.
4. કંઠ્યસ્થ કરેલા દુહા-છંદ-ચોપાઈનો ભાવાર્થ ગુજરાતી અથવા હિન્દી ભાષામાં પોતાની સમજણ પ્રમાણે મૌલિક શૈલીમાં રજૂ કરવાનો રહેશે.
5. કંઠ્યસ્થ રજુઆત વખતે ગાન અનિવાર્ય રહેશે.

(૭) લોક વાર્તા:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકે ૧૫ મિનિટમાં વાર્તા પુરી કરવાની રહેશે.
3. લોક વાર્તામાં ચારણ શૈલી, બારોટ શૈલી, ઢાઢીલીલા અને ભવાઈ શૈલી જેવી સામાન્ય શૈલી વગેરેનો ઉપયોગ કરવાનો રહેશે. પ્રાદેશિક પારંપારિક શૈલીનો ઉપયોગ કરી શકાશે. વાર્તાકારે પોતાને અનૂકુળ વાદ્યોનો આધાર લઈ શકાશે. (સ્વરવાદન દ્વારા)

## -:- કલા વિભાગ -:-

### (૮) સર્જનાત્મક કારીગરી:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૮૦ મિનિટનો રહેશે.
3. આ સ્પર્ધામાં નકામી તેમજ બહુ કિંમતી ન હોય તેવી વસ્તુઓ જેવી કે બંગડીઓના કાચ, લાકડાનો વેર, ઈલાયચીના છોડા જેવી સામગ્રીમાંથી પથ્થરના ટુકડામાંથી કે ચામડામાંથી સ્થળ પર નમૂના તૈયાર કરવાના રહેશે. કાચી સામગ્રીનો નાણાંકીય વ્યવ લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરૂત્તમ તેમ નમૂનો શ્રેષ્ઠ ગણાય તેવી મૂલ્યાંકન જોગવાઈઓના સુચનો લક્ષમાં લેવું.
4. જે નમૂના તૈયાર કરવામાં આવે તે બજારમાં વેચી શકાય અથવા મુલ્ય ઉપજે એવા હોવા જોઈએ.
5. જરૂરી સ્પર્ધકોને અલાયદી જગ્યા આપવામાં આવશે. સ્થળ પર તૈયાર કરેલા મૌલીક નમુનાને પ્રાધાન્ય અપાશે.
6. જરૂરી સાધનો તથા સરંજામ સ્પર્ધકે પોતે લાવવાના રહેશે. જે નમૂના તૈયાર થાય તે સ્પર્ધાના સ્થળે છેલ્લા દિવસ સુધી મુકવાના રહેશે.

### (૯) ચિત્રકલા:

1. આ સ્પર્ધા "અ" તેમજ "બ" બંને વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
3. તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજાશે એટલે કે ચિત્રકામ સ્થળ ઉપર જ કરવાનું રહેશે.
4. ચિત્રકલાની સ્પર્ધા માટે ડ્રોંઈગના કાગળો સ્પર્ધાના આયોજકો તરફથી આપવાના રહેશે, અન્ય સાધન-સામગ્રી સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારે પોતે લાવવાની રહેશે.
5. સ્પર્ધા માટે ડ્રોંઈગ કાગળ ૧૬" x ૨૪" અથવા ૨૪" x ૩૦" ના અનુકૂળતા પ્રમાણે આપવો.
6. ચિત્રકલાનો વિષય સ્થળ ઉપર આપવામાં આવશે. અપાયેલા વિષય ઉપર સ્પર્ધકે પોતાની શૈલીના માધ્યમથી ચિત્ર દોરી શકશે.
7. નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી ગણાશે.

## -:- સાંસ્કૃતિક વિભાગ -:-

### (૧૦) લગ્ન ગીત:

1. આ સ્પર્ધા "બ" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૦૭ મિનિટનો રહેશે.
3. ગીત વૈયક્તિક રીતે રજૂ કરવાનું રહેશે, સ્પર્ધકે ગીત ઝીલવા માટે કે વાજિંત્ર વગાડવા માટે વધુમાં વધુ ૦૪ સહાયકો લાવી શકશે. વાજિંત્રમાં ફક્ત રીધમનો આશરો લઈ શકાશે.
4. લગ્ન ગીત કંઠ્યસ્થ હોવું જોઈએ, લેખિત કૃતિનો આધાર લઈ શકાશે નહી.
5. ૦૭ મિનિટમાં જૂનાં લગ્નગીતમાંથી જેટલા ગીતો સ્પર્ધક રજુ કરશે તે ઉપરથી તેનું મૂલ્યાંકન કરાશે. અપ્રચલિત લગ્નગીતોની રજૂઆત આવકારદાયક લેખાશે. ફિલ્મોમાં આવતા કે ગ્રામોફોન રેકર્ડ ઉપર આવતા ગીતો સિવાયના ગીતો મૂલ્યાંકન માટે નિર્ણાયક બની રહેશે.

### (૧૧) હળવું કંઠ્ય સંગીત:

1. આ સ્પર્ધા "અ" અને "બ" બંન્ને વિભાગ માટે રહેશે.
2. "અ" તથા "બ" વિભાગ માટે સ્પર્ધાનો સમય ૦૫ મિનિટનો રહેશે.
3. હળવા કંઠ્ય સંગીત સાથે તબલા ઉપરાંત વધુમાં વધુ બે વાજિંત્રોનો ઉપયોગ કરી શકાશે.
4. ગીતની કૃતિ સમાજની દ્રષ્ટિએ પોષક હોવી જોઈએ.
5. ગીત ગુજરાતી કે હિન્દી ભાષામાં રહેશે.

### (૧૨) લોકવાદ્ય સંગીત:

1. આ સ્પર્ધા "અ" અને "બ" બંન્ને વિભાગ માટે રહેશે.
2. "અ" તથા "બ" વિભાગ માટે સ્પર્ધાનો સમય ૦૫ મિનિટનો રહેશે.
3. લોક વાદ્યને મુખ્ય ગણવામાં આવશે. જ્યારે નૃત્યને ગૌણ ગણવામાં આવશે.
4. વાદનના પ્રકારમાં લોક સંગીતની શૈલી, ઢાળ જળવાઈ રહે તે જરૂરી છે.
5. નીચે જણાવેલ લોકવાદ્યનો જ સ્પર્ધા માટે ઉપયોગ કરી શકાશે.
   (૧) રાવણહથ્થો (૨) મદારીની પુંગ (૩) તાળપુ (૪) જંતર (૫) નોબત (૬) શહનાઈ (૭) જોડિયો પાવો (૮) પાવો (૯) ઢોલ (૧૦) થાળી (૧૧) ભૂંગળ ઉપરાંત જે તે પ્રદેશનું લોકવાદ્ય.

(૧૩) એક પાત્રીય અભિનય:

1. આ સ્પર્ધા "અ" અને "બ" બંને વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય "અ" વિભાગમાં ૦૫ મિનિટનો જ્યારે "બ" વિભાગમાં ૦૭ મિનિટનો રહેશે.
3. અભિનયની સ્ક્રિપ્ટ, લેખકનું નામ તથા નાટ્ય વિષય વસ્તુ વિગતો અગાઉથી આપવાની રહેશે.
4. એક પાત્રીય અભિનય માટે વેશભૂષાનો ઉપયોગ કરી શકાશે અને તે માટેની જરૂરી સાધન-સામગ્રી કલાકારે પોતે સાથે લાવવાની રહેશે.
5. કોઈપણ એક જ પાત્રના મનોભાવોને અભિવ્યક્ત કરવાનો રહેશે. બહુપાત્રીય અભિનય (મિમીક્રી) આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

(૧૪) લોક ગીત:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૦૭ મિનિટનો રહેશે.
3. લોકગીતના ગ્રુપમાં ગાયકોની અધિકત્તમ સંખ્યા ૦૮ રહેશે.
4. લોકગીતો ભારતીય ગીતમાંથી લેવા જે કોઈપણ પ્રાદેશિક ભાષામાંના હોઈ શકે.
5. કોઈપણ ફિલ્મ ગીત રજુ કરી શકાશે.
6. ગ્રુપને બેસવા માટેનો સમય મહત્તમ ૦૪ મિનિટ રહેશે.
7. લોકગીત સ્પર્ધાનો નિર્ણય માત્ર ગાવાની ગુણવત્તા પર આધારિત રહેશે. મેકાપ-વેશભૂષા અને ટીમના એક્શન પર રહેશે નહી.

(૧૫) ભજન:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૦૭ મિનિટનો રહેશે.
3. વાજિંત્રમાં ફક્ત હાર્મોનિયમ, તબલા અને મંજીરાનો આશરો લઈ શકાશે.
4. લોક વાદ્યની ઉપયોગીતા જણાય તો સ્પર્ધકે તે જાતે વગાડવાનું રહેશે.
5. ભજન શરૂ કરનાર સ્પર્ધકે જુના અપ્રચલિત નીચે જણાવેલ ભજનના પ્રકારોમાંથી પસંદગી કરવાની રહેશે. (૧) રામગરી (૨) પ્રભાત/પ્રભાતિયા (૩) સંધ્યા (૪) આરતી (૫) કારી (૬) આરાધ (૭) ગરબો (૮) કિર્તન (૯) ધોળ (૧૦) ખાબો (૧૧) ઉપદેશવાણી વગેરે રજુ કરવાનું આવકારદાયક લેખાશે.

**(૧૬) સમુહ ગીત:**

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૦૭ મિનિટનો રહેશે.
3. સમુહગીત વૃંદમાં ઓછામાં ઓછા ૦૪ અને વધુમાં વધુ ૦૮ સભ્યો રાખી શકાશે.
4. સાથ-સંગતમાં વધુમાં વધુ ૦૫ સહાયકો રાખી શકાશે.
5. ગીત ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રાખી શકાશે.
6. ગીતની કૃતિ સમાજની દ્રષ્ટીએ શિષ્ટ હોવી જોઇએ.
7. મુલ્યાંકનમાં મેકઅપ- પહેરવેશ, સાજ-સજાવટ, પ્રકાશ વ્યવસ્થા ઈત્યાદીને પ્રાધાન્ય આપવામાં આવશે નહી.

**(૧૭) લોક નૃત્ય:**

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. ટીમ દીઠ ધુટ આપવાના ભાગ લેનારની અધિકત્તમ સંખ્યા ૨૦ ની રહેશે. જેમાં સંગીતકારોનો સમાવેશ કરવાનો રહેશે. ટીમ તમામ ભાઈઓ, બહેનો અથવા બન્નેની ભેગી કરેલી હોઈ શકે.
4. નૃત્ય કાંતો પ્રાચીન અથવા તો (લોક નૃત્ય) ભારતીય શૈલી, હોઇ શકે પરંતુ શાસ્ત્રીય નહી તથા નૃત્ય નાટીકાની છુટ નથી.
5. સેટ ગોઠવવા માટે વધારાની ૦૫ મિનિટથી વધુ ન હોવી જોઈએ.
6. ગીત જો કોઈ હોય તો તેનો વિષય અને મુળ પાઠ તથા ટુંકી નોંધની ત્રણ નકલો નોંધણી સમયે પ્રવેશ ફોર્મ સાથે રજુ કરવાની રહેશે.
7. ભાગ લેનાર ટીમે પોતાનું કાર્ય પુરૂ થયા પછી તરત જ પોતાના સેટ, ચીજ વસ્તુઓ વગેરે ખસેડી લેવાની રહેશે.
8. નિર્ણય તાલ, નૃત્ય, સંગીત, લેખન, વેશભૂષા, મેકઅપ, સેટ અને એકંદર છાપ પર આધારિત રહેશે.
9. આ આઈટમ માટે આગળથી રેકર્ડ કરેલ સંગીત (ટેપ-કેસેટ વગેરે)ની છુટ આપવામાં આવશે નહી.

(૧૮) એકાંકી:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૩૦ થી ૪૫ મિનિટનો રહેશે.
3. એકાંકી ગુજરાતી/અંગ્રેજી કે હિન્દી ભાષામાં રાખી શકાશે.
4. અભિનય કરનારની સંખ્યા ૧૨ થી વધવી જોઈએ નહી.
5. જેવું સિગ્નલ આપવામાં આવે કે તરત જ અથવા ટીમ પરીચય આપવાનું શરૂ કરે બે માંથી જે વહેલું હોય ત્યારથી સમય ગણવામાં આવશે.
6. ખાલી સ્ટેજથી ખાલી સ્ટેજનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.
7. સ્ટેજનો ચાર્જ સંભાળ્યા પછી સ્ટેજ સેટીંગ અને સેટ તથા ચીજ વસ્તુઓ દુર કરવા ૧૦ મિનિટનો સમય આપવામાં આવશે.
8. ભાગ લેનાર ટીમોએ પોતાના સેટ/સ્ટેજ ચીઝવસ્તુઓ, મેકઅપની સામગ્રી વગેરે લાવવાની રહેશે. આગળથી જણાવવામાં આવેથી હલકી અને સામાન્ય વસ્તુઓ જેવી કે સામાન્ય ફર્નિચર પુરૂ પાડવામાં આવશે.
9. ભાગ લેનાર ટીમે નાટકની રજુઆત પહેલા ઓછામાં ઓછા બે કલાક પહેલાં સ્પર્ધાના ઈન્ચાર્જ સમક્ષ હાજર થવાનું રહેશે.
10. નિર્ણય વિષય, અભિનય, સ્ટેજ, કલા એકંદરે છાપ જેવા નાટકના ગુણો પર આધારિત રહેશે.
11. રાજ્યકક્ષાએ એકાંકી સ્પર્ધાના વિજેતા ક્રમ નિર્ણાયકશ્રી રજુ કરશે, તે મુજબ ઈનામ અને વિજેતા નંબર ધ્યાનમાં લેવાશે પરંતુ રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં હિન્દી/અંગ્રેજી એકાંકીની શ્રેષ્ઠ એકાંકી ભાગ લેશે.

(૧૯) શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની):

1. આ સ્પર્ધા "અ" તેમજ "બ" બંને વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા વાજિંત્રોના સુર મેળવવા વગેરે માટે વધારાની ૦૫ મિનિટ આપવામાં આવશે.
4. આ સ્પર્ધામાં ફિલ્મી ગીતોની છુટ નથી.
5. રાગ અને રચનાની પસંદગીમાં પુરતો વિચાર કરવો અને કાળજી લેવી જોઈએ.
6. નિર્ણય સ્વર, નામ, બોલનું ઉચ્ચારણ, રાગની પસંદગી, રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે.
7. રાજ્યકક્ષાએ "અ" અને "બ" વિભાગના પ્રથમ નંબરે વિજેતા બન્ને કલાકારો પૈકી શ્રેષ્ઠતાનું ધોરણ નિર્ણાયકશ્રીઓ દ્વારા નક્કી કરવામાં આવશે. જે બન્ને કલારોને બંધનકર્તા રહેશે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં પાંચ સહાયકો ભાગ લઈ શકશે. જ્યારે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા માટે પસંદગી પામેલ સ્પર્ધકે રાષ્ટ્રીય યુવા ઉત્સવના માર્ગદર્શક સિધ્ધાંતો અનુસાર સ્પર્ધક ભાગ લઈ શકશે. સહાયકો મળી શકશે નહી. પોતાના ખર્ચે સહાયકો સાથે લઈ જઈ શકશે.

(૨૦) શાસ્ત્રીય કંઠ્ય સંગીત (કર્ણાટકી):

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા, વાજિંત્રોના સુર મેળવવા માટે વધારાની ૦૫ મિનિટ આપવામાં આવશે.
4. આ સ્પર્ધામાં ફિલ્મી ગીતોની છુટ નથી.
5. રાગ અને રચનાની પસંદગીમાં પુરતો વિચાર કરવો અને કાળજી લેવી જોઈએ.
6. નિર્ણય સ્વર, નામ, બોલ, ઉચ્ચારણ, રાગની પસંદગી, રચના અને એકંદર છાપ પર આધારિત રહેશે.

* શાસ્ત્રીય વાજિંત્ર (વાદન):

(૨૧) સિતાર (૨૨) વાંસળી (૨૩) તબલા (૨૪) વીણા (૨૫) મૃદંગમ

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સિતાર, વાંસળી, અને વીણા માટે ફાળવેલ અધિકત્તમ સમય ૧૫ મિનિટનો રહેશે.
3. તબલા અને મૃદંગમ માટે સમય ૧૦ મિનિટનો રહેશે.
4. ભાગ લેનારે પોતાનું વાજિંત્ર લાવવાનું રહેશે.
5. હિન્દુસ્તાની કે કર્ણાટકી શૈલીમાં આઈટમ રજૂ કરી શકાશે.
6. નિર્ણય મોટે ભાગે તાલ, ચંચળ સ્વર, રચના અને સામાન્ય છાપ પર આધારીત રહેશે.

(૨૬) હાર્મોનિયમ (હળવું):

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૦ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈક ગોઠવવા વધારાની ૦૫ મિનિટ આપવામાં રહેશે.
4. ભાગ લેનારાઓએ પોતાનું વાજિંત્ર લાવવાનું રહેશે.
5. હળવા સંગીત સ્વરૂપે આઈટમ રજુ કરવાની રહેશે. જેમાં ફિલ્મી સંગીત ન હોવું જોઈએ.
6. નિર્ણય તાલ, ટેકનિક, સંગીત, રજુઆતનો સમય, સામાન્ય છાપ વગેરે પર અધારીત રહેશે.

(૨૭) ગિટાર:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૦ મિનિટનો રહેશે.

3. સ્ટેજ, માઈક ગોઠવવા વાજિંત્રના સુર મેળવવા વગેરે માટે વધારાની ૦૫ મિનિટ આપવામાં આવશે.
4. ભાગ લેનારે પોતાનું વાજિંત્ર લાવવાનું રહેશે.
5. ભારતીય કે પશ્ચિમી સંગીત સ્વરૂપે આઈટમ રજુ કરવાની રહેશે.
6. નિર્ણય તાલ, સંગીત, ટેકનીક, સંયમ, વાજિંત્ર પર પ્રભુત્વ, એકંદરે છાપ વગેરે પર આધારીત રહેશે.

*** શાસ્ત્રીય નૃત્ય:**

**(૨૮) મણીપુરી (૨૯) ઓડીસી (૩૦) કુચીપુડી**

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈક ગોઠવવામાં સંગીતકારોને બેસવામાં અને વાંજિત્રોના સુર મેળવવા વધારાની ૦૫ મિનિટ આપવામાં આવશે.
4. નિર્ણય તાલ, ટેકનિક, લય, અભિનય કે અભિવ્યક્તિ વેશભૂષા, ફૂટવર્ક, એકંદરે છાપ વગેરે જેવી છાપ ગુણવત્તા પર આધારીત રહેશે.
5. નૃત્યનું વર્ણન, એમાંની વાર્તા જો હોય તો અને સાથેનું ગીત જો કોઈ હોય તો તથા હિન્દી કે અંગ્રેજીમાં એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજૂ કરવાની રહેશે.
6. રાષ્ટ્ર સ્પર્ધામાં સહાયકો મળી શકશે નહી. પોતાના ખર્ચે સહાયકો લઈ શકાશે.

*** શાસ્ત્રીય નૃત્ય:**

**(૩૧) ભરતનાટ્યમ (૩૨) કથ્થક**

1. આ સ્પર્ધા "અ" તેમજ "બ" બંને વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈક ગોઠવવામાં સંગીતકારોને બેસવામાં અને વાંજિત્રોના સુર મેળવવા વધારાની ૦૫ મિનિટ આપવામાં આવશે.
4. નિર્ણય તાલ, ટેકનિક, લય, અભિનય કે અભિવ્યક્તિ વેશભૂષા, ફૂટવર્ક, એકંદરે છાપ વગેરે જેવી છાપ ગુણવત્તા પર આધારીત રહેશે.
5. નૃત્યનું વર્ણન, એમાંની વાર્તા જો હોય તો અને સાથેનું ગીત જો કોઈ હોય તો તથા હિન્દી કે અંગ્રેજીમાં એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજૂ કરવાની રહેશે.
6. રાજ્યકક્ષાના યુવા ઉત્સવમાં "અ" અને "બ" વિભાગની સ્પર્ધાઓ અલગ અલગ રીતે યોજાશે અને તે મુજબ વિજેતા પણ અલગ અલગ જાહેર કરવામાં આવશે. પરંતુ રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં ભાગ લેવા માટે "અ" અને "બ" વિભાગમાંથી જે શ્રેષ્ઠ કૃતિ હશે તે જ ભાગ લઈ શકશે. રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય

યુવા ઉત્સવના માર્ગદર્શક સૂચનાઓ ધ્યાનમાં લઈ ફક્ત સ્પર્ધક ભાગ લેવા માટે જશે. જો સહાયકો લઈ જવા હોય તો સ્પર્ધકના ખર્ચે લઈ જઈ શકે છે.

7. રાજ્યકક્ષા સુધી LIVE હશે તો વધુમાં વધુ પાંચ સંગીતકારોનો ઉપયોગ લઈ શકશે. કેસેટ દ્વારા રજુ કરાશે તો બે સહાયકો રાખી શકાશે.
8. નૃત્ય રેકોર્ડ કેસેટ અથવા ગ્રામોફોન રેકર્ડ ઉપર રજુ કરી શકશે.

**(33) શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા:**

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૦૪ મિનિટનો રહેશે.
3. ભાષા માત્ર હિન્દી કે અંગ્રેજી રહેશે.
4. ભાગ લેનાર કન્ટેઈનરમાંથી એક સ્લીપ લેશે. લીધેલી સ્લીપના વિષય પર ભાગ લેનાર બોલશે. બીજી સ્લીપ લેવાની વધુ તક આપવામાં આવશે નહી.
5. નિર્ણય બોલવાની સ્પષ્ટતા, પ્રવાહ પસંદ કરેલા વિષય સાથે સંબંધના શબ્દો અને વાક્યનું પુનરાવર્તન ન થવું, વિશ્વાસ, વિષય પ્રત્યેની સંભાવના વગેરે પર આધારીત રહેશે.

ઉપર જણાવેલા સામાન્ય અને વિશેષ નિયમો અને વિનિમયો તથા સંબંધિત આઈટમો માટે નિર્ણાયકશ્રીની પેનલની સુચનાને આધિન રહેશે.

# યુવા ઉત્સવ ફોર્મ ૨૦૨૩

તાલુકો:-.............................

જિલ્લો:-.............................

(૧) સ્પર્ધકનું નામ:- ..........................................................................................જાતિ: સ્ત્રી / પુરુષ / અન્ય

(૨) ઘરનું સરનામું:.........................................................................................તાલુકો.......................

(3) જન્મ તારીખ: ................................ ઉંમર :............ (૪) આધાર કાર્ડ નંબર:........................................

(૫) સ્કુલ/કોલેજનું નામ, સરનામું: ..........................................................................................

(૭) મોબાઈલ નંબર:(W)............................................ મોબાઈલ નંબર (અન્ય):........................................

(૮) કૃતિનું નામ: ................................................................ વિભાગ (અ/બ/ખુલ્લો): ................................

➢ ઉંમર વય મર્યાદા: તા:૩૧/૧૨/૨૦૨૩ને ધ્યાને રાખવી.

- અ – વિભાગ (૧૫ વર્ષથી ઉપર અને ૨૦ વર્ષ સુધીના)
- બ- વિભાગ (૨૦ વર્ષથી ઉપર અને ૨૯ વર્ષ સુધીના)
- ખુલ્લો વિભાગ (૧૫ વર્ષથી ઉપર અને ૨૯ વર્ષ સુધીના)

**➢ સ્પર્ધકે જે સ્પર્ધામાં ભાગ લેવાનો હોય તેને પસંદ કરી (√) નિશાની કરવી.**

| ક્રમ | કૃતિનું નામ | વિભાગ | સમય | સ્પર્ધક | સહાયક | કુલ | નિશાની માટે |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વકતૃત્વ સ્પર્ધા | અ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | બ | ૦૭ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨ | નિબંધ સ્પર્ધા | અ | ૪૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | બ | ૪૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| 3 | પાદપૂર્તિ | બ | ૪૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૪ | ગઝલ શાયરી લેખન | બ | ૬૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૫ | કાવ્ય લેખન | બ | ૬૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૬ | દુહા-છંદ-ચોપાઈ | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૭ | લોક વાર્તા | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૮ | સર્જનાત્મક કારીગરી | ખુલ્લો | ૧૮૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૯ | ચિત્રકલા | અ | ૧૨૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | બ | ૧૨૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૧૦ | લગ્નગીત | બ | ૦૭ મિનિટ | ૦૧ | ૦૪ | ૦૫ | |
| ૧૧ | હળવું કંઠ્ય સંગીત | અ | ૦૫ મિનિટ | ૦૧ | ૦૩ | ૦૪ | |
| | | બ | ૦૫ મિનિટ | ૦૧ | ૦૩ | ૦૪ | |
| ૧૨ | લોકવાદ્ય સંગીત | અ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | બ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૧૩ | ભજન | ખુલ્લો | ૦૭ મિનિટ | ૦૧ | ૦૩ | ૦૪ | |
| ૧૪ | સમૂહ ગીત | ખુલ્લો | ૦૭ મિનિટ | ૦૮ | ૦૫ | ૧૩ | |
| ૧૫ | એક પાત્રીય અભિનય | અ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |

For More Updates: Whatsapp this no.: 8866440544

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | બ | ૦૭ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૧૬ | લોક નૃત્ય | ખુલ્લો | ૧૫ મિનિટ | ૧૬ | ૦૪ | ૨૦ | |
| ૧૭ | લોક ગીત | ખુલ્લો | ૦૭ મિનિટ | ૦૧ | ૦૭ | ૦૮ | |
| ૧૮ | શાસ્ત્રીય કંઠ્ય સંગીત - હિન્દુસ્તાની | અ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૧૯ | શાસ્ત્રીય કંઠ્ય સંગીત – કર્ણાટકી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨૦ | સીતાર | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨૧ | વાંસળી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨૨ | તબલા | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨૩ | વીણા | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨૪ | મૃદંગમ | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨૫ | હાર્મોનિયમ (હળવું) | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨૬ | ગિટાર | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨૭ | શાસ્ત્રીય નૃત્ય – ભરતનાટ્યમ | અ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨૮ | શાસ્ત્રીય નૃત્ય – કથ્થક | અ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૨૯ | શાસ્ત્રીય નૃત્ય – મણીપુરી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૩૦ | શાસ્ત્રીય નૃત્ય – ઓડીસી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૩૧ | શાસ્ત્રીય નૃત્ય – કુચીપુડી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૩૨ | શીઘ્ર વકતૃત્વ (હિન્દી / અંગ્રેજી) | ખુલ્લો | ૦૪ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| ૩૩ | એકાંકી (હિન્દી / અંગ્રેજી) | ખુલ્લો | ૩૦ થી ૪૫ મિનિટ | ૧૨ | -- | ૧૨ | |

- સ્પર્ધાના સ્થળ, તારીખ, સમયની માહિતી માટે પોતાના તાલુકા ના કન્વીનર નો સંપર્ક કરવો.
- જે કૃતિમાં સહાયક છે, તેમાં નીચે મુજબનું ફોર્મ આ સાથે ભરીને આપવાનું રહેશે.
- (૧) ઉંમરના પુરાવા તરીકે આધાર કાર્ડ/ ચુંટણી કાર્ડની નકલ સાથે રૂબરૂ, પોસ્ટ, કુરીઅર દ્વારા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી દ્વારા જણાવેલ છેલ્લી તારીખ સુધીમાં ફોર્મ સાથે કન્વીનર ને મોકલી આપવાનું રહેશે.
- લોકગીતનું ટાઈટલ, તેમજ લોક ગીતનો ટુંકસાર આ સાથે લખીને જોડવાનો રહેશે.
- લોક નૃત્યનું ટાઈટલ તેમજ લોક નૃત્યનો ટુંકસાર આ સાથે લખીને જોડવાનો રહેશે.
- એકાંકી સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ નાટકનું શિર્ષક, પ્રોમ્પ્ટરનું નામ, લેખકનું નામ, સ્ક્રીપ્ટ તેમજ એકાંકીનો ટુંકસાર આ ફોર્મ સાથે જોડવાનું રહેશે.
- નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્કવોલીફાઈ કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે, જે અંગેની હું બાંહેધરી આપુ છું.

- સ્થળ:
- તારીખ:

સ્પર્ધક/સંસ્થાના વડાની સહી

For More Updates: Whatsapp this no.: 8866440544

## સ્પર્ધક તેમજ સહાયકની માહિતી ભરવા માટે

| ક્રમ | સ્પર્ધક/ સહાયક | નામ | જન્મ તારીખ | ઉંમર | સ્ત્રી/ પુરૂષ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

- નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્કવોલીફાઈ કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે, જે અંગેની હું બાંહેધરી આપુ છું.

સ્થળ:

તારીખ:

સ્પર્ધક/સંસ્થાના વડાની સહી

For More Updates: Whatsapp this no.: 8866440544

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>**

૧. માન. કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
૨. માન. કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, સુરેન્દ્રનગર.
૩. માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર.
૪. માન. યુથ બોર્ડ અધિકારીશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
૫. માન. તાલુકા મામલતદારશ્રી, (ધ્રાંગધ્રા, વઢવાણ, થાન, મુળી, ચોટીલા, સાયલા, લીંબડી, પાટડી, લખતર, ચુડા)